નમસ્કાર ગાંધીનગર

પમરાટ

અવાજોના નગરમાં તુ મૌન રાત્રી બનીને આવજે !
મૌનની મહેફીલ હશે ! તું હશે !
હું હોઇશ ! અને !
આપણી વચ્ચે જે કંઇ હશે ! ના તારું હશે !
ના મારું હશે ! આપનું એક સહિયારું
શ્વાસોની સીતારમાથી ઉદભવેલું એક મજાનું મૌન ગીત હશે..!

- રાજુ રાવલ

પાથેય

- રમેશ ઠક્કર

વાચનનું મૌન...

વાચનની વાટે વિહરતા ઘણીવાર એવું થાય છે કે કેટલા બધા લોકો કેટલું સરસ લખી રહયા છે..આપણે ફકત વાંચ્યા જ કરીએ..!આપણી ભાષામાં એટલા બધા સમૃધ્ધ લેખકો અને કવિઓની યાદી છે કે એમાંથી એકાદને પણ પુરેપુરા વાંચીએ અને આત્મસાત કરીએ તો પણ બેડો પાર થઇ જાય..! આપણે ના લખીએ તો પણ ચાલે..આજે સવારે જ અનાયાસ "સત્યના પ્રયોગો" નું પાનું ફેરવ્યું..પ્રકરણ હતું "લોર્ડ કર્ઝનનો દરબાર " અને સડસડાટ વાંચવાનું ચાલ્યું...આટલું સરળ છતાં વૈભવશાળી ગુજરાતી ગાંધીજી સહજપણે કઇ રીતે લખી શકયા હશે ! અને એ પણ પંડિતયુગના પ્રચુર પ્રભાવના જમાનામાં!

નિરંજન ભગત કહેતા કે 'કોઇપણ કૃતિને નિરાંતે વાંચી એને આપણામાં ઉગવા દેવી જોઇએ..' આ એક પ્રોસેસ છે કૃતિને માણવાની...ખેતરમાં અનાજ વાવ્યા પછી કુંપળો ફૂટવાની પ્રતીક્ષા કરવી પડે છે..અને પુરતી માવજત પછી જે ઉગે છે..જે આહલાદક હોય છે..સહજપણે અવતરતી રચનાઓ કોઇ સંરચનાની મોહતાજ નથી હોતી..વાચનના જુદા જુદા આયામો હોય છે..જેમ દરેક વ્યક્તિની ચાલવાની અલગઅલગ ઢબ હોય છે એમ દરેકની વાચનયાત્રા પણ અલગ હોય છે. આપણે ત્યાં લેખકોનો મહિમા થાય છે પણ જયારે વાચકોની પણ વધામણી થશે ત્યારે સાહિત્ય સોળે કળાએ ખીલી ઉઠશે...

એક ની એક કૃતિ અલગઅલગ ભાવકના મનોજગતમાં જુદા જુદા રૂપે નીખરે છે..જેમ એક જ પ્રકારનું બીજ ભિન્ન ભિન્ન ખેતરમાં જુદા જુદા સ્વરૂપે પ્રગટે છે..!એક જ ગીત જુદા જુદા કંઠે પ્રગટે એમ જ..! આપણી આસપાસ સમકાલીન સાહિત્યકારોમાં કેટલાક એવું અદ્ભુત લખતા હોય છે કે ઘડીભર આપણને એમ થાય કે આપણે લખવાની કોઇ જરૂર જ નથી...આમાં કોઇએ નાસીપાસ થવાની વાત નથી, કે નથી કોઇ પલાયનવાદ..પણ આવું ઘણીવાર સહજ થઇ આવતું હોય છે .મોટાભાગે લેખકો ઉલેચેલું પાણી જ ફરીથી ઉલેચતા હોય છે..પણ સાહિત્યમાં "રીમીક્ષ " જેવું હોતું નથી..."વોઇસ ઓફ મેઘાણી " કે "છોટે મડિયા " ના હોય !

વૃક્ષની જેમ સર્જકતા પણ અલગ અલગ અંદાજમાં ફેલાતી હોય છે...મ્હોરી ઉઠતી હોય છે..આજે ફાટફાટ થતો સર્જક ઘણીવાર અમુક સમય પછી વિલાઈ જાય છે..આજે સાધારણ લાગતો લેખક યુગપ્રવર્તક પણ બની જાય...આવાં ઘણાં ઉદાહરણો છે..જેમ કે પન્નાલાલ પટેલે લખવાનું શરૂ કર્યું ત્યારે રમણિક અરાલવાલા નામના લેખકની જબરી બોલબાલા હતી..એમને થતું કે આવા લખવાવાળા હોય ત્યાં આપણો શું ગજ વાગવાનો..! પણ એ પછી જે ઇતિહાસ રચાયો એ જાણીતો છે..

આવું જ રમેશ પારેખના શરૂઆતના સમયમાં પણ બનેલું..એ વખતે કેટલી જાણીતી કલમો જબરજસ્ત રીતે જમાવટ કરતી...નામો ઘણાં છે પણ ર.પા. માઇલસ્ટોન છે..એ જ રીતે ર.પા.ની નકલ કરવાવાળા કવિઓની પણ એક અલગ કથા છે.. હમણાં એક સંશોધનમાં જાણવા મળ્યું કે ક.મા.મુનશી જયારે સોળે કળાએ મ્હોરી રહ્યા હતા ત્યારે અનેક લેખકોએ કલમ મ્યાન કરી દીધી હતી..એ સંખ્યા સાડીત્રણસો થી વધારે થવા જાય છે..! એમાંથી એકાદ બે પણ જો મુનશીના ઘોડાપુરને પાર કરી ગયા હોત તો..! આવી લઘુતા પણ નકામી જ ગણાય..

કહેવાય છે કે લેખન ઉપર હંમેશાં કોઇનો પ્રભાવ હોય જ છે..પણ પોતાની લેખનકળાનો એની સામે પરાભવ ન થવા દેવો એ પણ જરૂરી છે. ઘણીવાર લેખકની દુનિયા ધીમેથી ઉઘડતી હોય છે..હળવેથી વિસ્તરે છે. અને પછી અનાયાસ ઘટાટોપ બની છવાઇ જાય છે...આપણે કશુંક સાર્થક લખી શકતા હોઇએ તો અચુક લખવું જોઇએ .પરંતું જયાં સુધી સારૂં વાંચવા મળતું હોય ત્યાં સુધી એનો પણ આનંદ લૂંટવા જેવો છે..ભરપૂર વાચન એ થોડાક લેખન માટેનું ભાથું બની જતું હોય છે..વાચનના પરિશ્રમ વગર લખવાનું શરૂ કરતો માણસ નેટ પ્રેકટિસ વગર મેદાનમાં ઉતરતા ખેલાડી જેવો હોય છે..અને એટલે જ ઘણીવાર સારા સર્જકો લેખનનું બ્રહ્મચર્ય પાળી વાચનના મૌનમાં તલ્લીન થઇ જતા હોય છે...

આપણે ક્યાં નવાઈયુ છે 'ફૂલ' બનવાની હે?!

રગળપાટ
અજય ઉપાધ્યાય

એલાવ એક જોરદાર કોસચન થયો છે..!!! આ હમણાં હમણાં જ માર્ચ પત્યો છે અને આખુંયે મલક માર્ચ એન્ડીંગ.. માર્ચ એન્ડીંગના ગાણા ગાતું ફરતું હતું ત્યાં માર્ચ પૂરો થતાં જ જે પહેલો દિવસ આવે એને લોગ ' એપ્રિલ ફૂલ ' નામે ઉજવે છે તી હું એમ કહું છું કે માર્ચ એન્ડીંગના નામે જે કાઇ પણ નાણાકીય ઇધર-ઉધર કરેલી હોય કે સરકારી ભાષામાં ગરાંટું ચોપડે આમથી તેમ કરેલી હોય એને પણ એપ્રિલ ફૂલના સેલિબ્રેશનમાં ગણવાની કે નૈ..?? આ તો જસ્ટ એમ જ વિચાર આવ્યો અને વિચાર આવવાનું એક એકદમ સોલીડ કારણ એ પણ છે કે એપ્રિલ ફૂલના નામે થતી મજાકો અને આ માર્ચ એન્ડીંગવાળા બનાવને કાઇ સંબંધ ખરો કે નહીં ? ખેર આપણે ક્યા ઓછા કામ છે તી આ જંજાળમાં પડીએ હે ? પણ સોચનેવાલી બાત યહ હૈ કી એપ્રિલ ફૂલના નામે ખાલી માર્ચ એન્ડીંગ જ નહીં પણ હરઘડી – હરપળ આપણને મૂરખ બનાવવાનો ગૃહઉદ્યોગ ચાલે જ છે અને ચાલ્યા જ કરવાનો છે..!!!! આ સાલું પેલું ' હર દીન દીવાલી એકાદ દિવસ પહેલા જ આ મૂરખ બનાવવાનો (કે પછી બનવાનો) ઉત્સવ બોલે તો ' એપ્રિલ ફૂલ ડે ' પાસ થઈ ગયો. પાસ મતલબ ગુજરી નથી ગયો પણ પસાર થઈ ગયો. સાચું કહું તો કોઈને મૂરખ બનાવવામાં હવે પહેલા જેવી મજા નથી રહી. રીઝન..? રીઝન એ જ કે મને ને તમને મૂરખ બનવાની એકદમ હાર્ડ ટેવ પડી ગઈ છે. અલ્યા ઘણીવાર તો જાણતા હોઈએ કે આ મૂરખ બનાવે છે તો પણ પેલું મસ્ત વાક્ય છે ને એવી રીતે ' કોઈ મૂરખ બનાવવવાળું મળી જાય તો મૂરખ બનવામાં પણ મજા છે ' ની જેમ વી ફૂલ બનીએ જ છીએ. ને પાછું આપણે કાંઠલો પકડીને પૂછીએ કે ' અલ્યા મૂરખ બનાવે છે તને ' તો હસતાં-હસતાં કહે પણ ખરો કે ' છો ને બનાવે.. એને મજા આવે છે ને ? ' ને પાછું વળી કોઈક તો એમ પણ કહે કે ' અલ્યા કાઈક નવી વાત કચર.. આ મૂરખ બનવાનું તો રોચજનું થયું '..!!! જી હા, બહેનો ઔર ભાઈઓ વાત સોલાહ પરસન્ટ સાચી જ છે. ડગલે ને પગલે આપણે મૂરખ બનીએ તો છીએ જ. ફોનમાં આવેલા ઓટીપીના ચક્કરમાં બેંકનું એકાઉન્ટ સાફ થઈ જાય કે પછી સેલ સેલ સેલના દેકારામાં આપણું ખિસ્સું ખાલી થઈ જાય કે પછી ' તમારો કીમતી અને પવિત્ર મત..' માં જિંદગીના મહામુલા પાંચ વરહ ઓછા થઈ જાય કે પછી..!!!!! અલ્યા આ તો બોવ એટલે બોવ જ લાંબુ લિસ્ટ થઈ જાય એમ છે..!!! હૈ કી નહીં..????

આટલે સુધી વાંચ્યા પછી એમ થાતું હશે ને કે 'આર ભાઈ.. તું કહેના ક્યા ચાહતે હો ?' તો જવાબમાં ૧૬૦૦ શબ્દનો નિબંધ ફટકારી દેવાનું મન થાય છે એને રોકીને એટલું જ કહેવાનું કે આ પીટયો ' એપ્રિલ ફૂલ ડે ' આપણી જિંદગીમાં એપ્રિલના પહેલા દિવસ પૂરતો જ નહીં પણ ત્રનસે ને પાહઠ દી પગ જમાવીને બેઠેલો છે. હવે તો શું છે કે દુનિયા બહુ આગળ વધી ગઈ છે અને ખાસ તો ટેકનોલોજી મારી ને તમારી ઉપર હાવી થઈ ચૂકેલી છે એવામાં એ જ ટેકનોલોજીની મદદ લઈને કોઈને ' ફૂલ ' બનાવવું હવે એટલું આસન થઈ ગયું છે કે જાણે ફૂલ બનાવનાર ને અને બનનાર બન્નેને બહું ખાસ કાઇ થ્રીલ જેવુ રહ્યું નથી..!!! સાઇબર ક્રાઇમની ઓફીસુંની ફાયલું ને ફાયલું આવા કેસ-કબાડાથી હાવુંસફૂલ છે એમાં મુંડી નાખનાર કે મૂંડાઈ જનાર બન્ને ગઈ ગુજરી ભૂલીને આગળ વધવા માંડે છે. ફૂલ જ બન્યા છીએ ને ? હા તે શું ? છીએ તો બનાવે ?.. હૈ કી નહીં ????? ગામ આખાના છાપાયુંમાં આવે છે કે ' કાકા ઓઇલ નીકળે છે ' કહીને ગાડી ઊભી રખાવીને પાછલી સિટમાંથી પૈસા ભરેલો થેલો લઈને ગઠિયો ફરાર કે પછી ' જુઓ તમારા પૈસા પડી ગયા ' કહીને આવી જ કળાકારિગીરી કારનારાના કિસ્સો છપાય જ છે ને તો પણ આપણે હજુપણ આવી ઓઇલ ઢોળાવાની વાતુમાં આવી જાય છીએ કે નહીં ?

પેલું કહે છે ને કે પોલીસની એક આંખ તો ચોર ની હજાર આંખ એ હિસાબે ' એપ્રિલ ફૂલ ' બનાવવાવાળા પણ દિવસે દિવસે સોફ્ટવેર અપડેટ કરાવતા જ રહે છે એટલે થાય છે શું કે મોડસ ઓપરેનડસી નવી ને નવી જ માર્કેટમાં આવતી જાય. સરવાળે વાત તો ફૂલ બનાવવાની જ છે ને ? તો પછી ? આમ તો શું છે કે ' એપ્રિલ ફૂલ ડે ' ઉજવવાનો મૂળ મક્સદ એ જ કે હળવી કે ગંભીર મજાક થઈ જાય અને જેના પર મજાક કરી હોય એ પણ એને ગંભીરતાથી ના લે પણ એનો આનંદ ઉઠાવે અને હસીખુસીમાં દહાડો પસાર થાય અને એ બહાને જિંદગીની મગજમારીમાં થોડી મજા આવે. હળવી મજાક કે પકડાઈ જાય એવા ફેક સમાચારો થી એપ્રિલ ફૂલ બનનાર કે બનાવનાર બન્નેને થોડો થોડો માંજો આવે. આ એપ્રિલ ફૂલ માટેનું બેસ્ટ ઉદાહરણ કોરોના જ કહેવાય. યાદ છે ને શરૂ શરૂ માં તો એવું લાગતું કે સાલી શું મસ્ત મજાક છે ? પણ પછી જેમ જેમ તપલીક વધતી ગઈ એમ એમ લાગવા માંડ્યું કે ' એ મજાક અચ્છા નહીં હૈ '.. આજે ત્રણ ત્રણ વર્ષો પછી પણ કોરોનાનું નામ આવતા જ એમ થઈ જાય છે ને કે ' સાલા, કૌનો ફીરકી લે રહા હૈ '..!!!

ચસ, આગળ ઉપર જે પણ કાઇ એપ્રિલ ફૂલ ડે ના ક્વોલિફિકેશન ની વાત થઈ એમાંથી સૌથી બેસ્ટ તો પોલિટીકસવાળી જ ગણવાની...!!!! જી હા, એપ્રિલ ફૂલ બનાવવાની આ લોકોથી વિશેષ લાયકાત કોઈ એટલે કોઇનામાં જ નથી. હિન્દી ફિલ્મોમાં જેમાં મીઠામાં બોળી બોળીને ચાબખા મારવાના દ્રશ્યો આવે છે ને બસ એમ જ આ લોકો મીઠી વાણીમાં લપેટી લપેટીને મને ને તમને એપ્રિલ – મે – જૂન કે જે ગણો એ બધા જ મહિનામાં ફૂલ બનાવે જ છે. ચૂંટણી વખતે દેખાતા અને પછી બીજા જ લોકમાં અદ્રશ્ય થઈ જતાં નેતાલોગથી વધારે બેસ્ટ અને સોલીડ એપ્રિલ ફૂલ ડે કોઈ બનાવી જ ના શકે. આવા જ બીજા સુસજ્જ લોકો છે સમાચાર આપવાવાળા, આઈ મીન ટીવી ન્યૂઝ ચેનલો. ક્યા ક્યાંથી અને કેવા કેવા એવા ન્યુઝો લાવે કે આપણને એમ થાય કે આ મૂરખ બનવાના જ હું પૈસા ભરું છું ડિશવાળા ને..??? નાનકડા અમથા સમાચારને ગ્રાફિક-ગ્રાફીકમાં સજાવીને એવી રીતે ટીવીના પરદે પેશ કરે કે સાલું ખોટું માનવાનું કોઈ કારણ જ ના રહે..!!! ' ચૈન સે સોના હૈ તો જાગ જાઈએ ' આમ કહીને આપણી ચિંતા કરતાં આ ટીવી ન્યૂઝમાં મોટાભાગે નેતાઓના પ્રવચનો વધુ આવતા હોય છે એટલે આગળ જે પોલિટીશિયનની વાત લખી એનો તાળો અહી મળી ગયો.. દાખલો પૂરો..!!!! પણ એ તો પેલું ઈંગ્લીશમાં કહે છે એમ ' પ્રેક્ક ' ને કહેવાય પણ જાણીજોઇને મૂરખ બને એને શું કહેવાય ? સ્કૂલ-કોલેજોવાળા બ્રોશરમાં અગણિત ફાયદાઓ લખીને આપણને એડ્મિશનથી જ ફૂલ બનાવે કે બિલ્ડરો ફૂદડી મારીને સસ્તા ભાવે અસલમાં મોંઘો પડે એવા ફ્લેટુંની જાહેરાતો આપે કે પછી સોશિયલ મીડિયા પર તો ' ફોરવર્ડ કરો.. આ લેટેસ્ટ છે ' કહીને સાવ એટલે સાવ ફેક બોલે તો એપ્રિલ ફૂલ મેસેજો મારા ને તમારા માથે આઈ મીન મોબાઇલમાં ભટકાય અને પાછી ખૂબી એ છે કે આ અને આના જેવી બધી જ ભ્રામક જાહેરાતો કે મેસેજોની ખરાઈ કર્યા વગર આપણે પણ હૈશો હૈશો માં ફોરવર્ડ કરી દઈએ કે સ્કૂલુંમાં એડ્મિશનું લઈ લઈએ કે પછી આમ જ સસ્તાની લાલચમાં.. સેલની લાલચમાં.....લોટરી જીત્યાંની લાલચમાં કે વાયદાઓ પૂરા થશે એવી લાલચમાં રોજ રોજ એપ્રિલ ફૂલ બનતા જ રહીએ છીએ ને..?? તો પછી કોઈએ પહેલી એપ્રિલે ફૂલ બનાવ્યા હોય એની દાઝો રાખીને કે દાઢમાં રાખીને શું કરવાનું હે ? એના કરતાં ' હર શખ્સ યહાં ઉલ્લુ બનતા હૈ ' એવો એટિટ્યૂટ રાખીને જલસા કરો ને જેન્તીલાલ !!!

akurjt@gmail.com

ઓસ્કારથી ઓર્થોપેડિક....

હમજ્યા મારા ભૈ !
ભાગ્યેશ જહા

આજે સોસાયટીમાં મગનલાલના નામે એક નોટિસ ફરી રહી હતી. સાંજે મળીએ, એક અગત્યના સમાચારનો ઉત્સવ કરવો છે.. સામાન્ય રીતે સોસાયટીની મીટીંગમાં પાણીનો ફોર્સ, ઇન્ટરનેટની સ્પીડ અને લાઇટના બીલ તથા રાજકુમારની જેમ વધતો મેઇન્ટેનન્સના ખર્ચ એવા જ મુદ્દા છવાયેલા રહેતા. મીટીંગ ના હોય ત્યારે છગનલાલ એમના પોલિટીકલ ડહાપણ અથવા ક્યારેક એકલું ડહાપણ વહેંચવાનો નિષ્ફળ પ્રયત્ન કરતા. કારણ કે એમનું ડહાપણ ક્યારેક એન્જિન વગર પડયા રહેલા ડબ્બા જેવું લાગે કારણ એમાં કશું પોલિટીકલ કે ડહાપણ એમ બેમાંથી એકેય ના હોય. જો કે છગનલાલને હમેશાં એમ જ લાગતું પોતે જ, એટલે કે પોતે જ એકમાત્ર જ્ઞાની છે. અને આ સોસાયટીના નામમાં જે સત્ય છે એને પોતે જ ધારણ કરે છે. વિદ્યાગૌરી આજે તો વહેલાં આવીને બેસી ગયાં હતાં. મગનલાલ અને મંગુબેન આવી ગયાં એટલે મીટીંગ શરું થઈ, સવાઓગણીસ માણસ હતા. ઓગણીસ ઉપરાંત એક નાનકડા બાળકને લઈને પ્રો.જળાશંકર આવેલા છે.

"ભાઇઓ અને બહેનો... " મગનલાલે ચાલું કર્યું, " આજે એક ગૌરવભરી ઘટના વિશે તમને વાત કરવી છે."

'ચસ, આજ સાચી રીતે છે, 'પ્રો.જળાશંકર બોલ્યા... ! 'એક પ્રજા તરીકે આપણે ગૌરવ લેવાનું ભુલી જઈએ એટલી હદે મગજની આળસ વધી ગઈ છે.' શ્વાસ ઉંડો લીધો, અડધા ખાધેલા પાનને પ્રયત્નપૂર્વક મોંના બીજા ખુણા તરફ ગતિ કરાવી પ્રોફેસર બોલ્યા;

" આપણી સોસાયટીમાં કોઇને ખબર જ નથી કે મારું એક પેપર ન્યૂયોર્કના એક રીસર્ચ સામયિકમાં ત્રણ વખતથી રીજેક્ટ થતું હતું, એ એ લોકોએ સ્વીકારવા માટે 'પાર્કીંગ'માં રાખેલું છે. ગમે ત્યારે આપણી સોસાયટી અને અમારા કુટુંબ ઉપર આ ગૌરવ લેવાની ક્ષણ આવી ચઢે... "

વિદ્યાગૌરી અજ્ઞાનીએ કહ્યું, અહીં આવી ચઢે કરતાં 'આવી પડે' એમ કહેશો તો કથાનકનો રંગ પકડાશે. આવી અર્થહીન ચર્ચાઓ કરવાને કારણે વિદ્યાગૌરી સોસાયટી કહેતાં મકાનની સોસાયટીમાં અને સાયુકલા સમાજમાં ખાસ્સી એવી અલોકપ્રિયતા કમાયેલા છે.

એ બોલતાં હતાં, 'ક્રિયાપદ જ મુખ્ય છે...પ્રમુખપદ નહીં.."

મગનલાલે અપીલના સ્વરને જરા મોટો કરીને ગાડીને ગીયર બદલતા હોય એમ કહ્યું, 'આજે હું ખુબ જ અગત્યની બાબત કહેવા જઈ રહ્યો છું.. ત્યારે તમે સાંભળો તો સારું..."

વિદ્યાગૌરી ફરીથી અવાજ સહેજ જ મોટો કરીને કહ્યું, 'ફરીથી ક્રિયાપદની ભુલ થઈ રહી છે.. કહેવા જઈ રહ્યો છું એવું ના કહેવું જોઇએ... પણ કહી રહ્યો છું, એમ કહેવું જોઇએ...'

'જો તમે આમ જ પિષ્ટપેષણ કર્યા કરશો તો હું રાજીનામું આપીશ.. '

"તો અમે ગૌરવ લઈશું" જળાશંકરે વિકેટકીપરની ચપળતાથી પંદર સેકન્ડમાં કહ્યું.

"મિત્રો, શાંતિ રાખો.. આના કરતાં તો યુક્રેનની બોર્ડર ઉપર શાંતિ હોય છે, લોકો શાંતિથી યુધ્ધનો વિડીયો ઉતારી શકે છે..."

નાથાલાલે એમના જાડા થઈ ગયેલા અવાજે કહ્યું, 'કહો, મગનલાલ એવું તો શું થયું છે ને કારણે આપણે સમુહમાં ગૌરવ લેવું પડે એમ છે.."

"આજે જ છાપામાં આવ્યું છે કે ઓસ્કારમાં ભારતનો વટ પડી ગયો છે, આપણી હાથીઓ વિશેની એક ડોક્યુમેન્ટરીને અને એક મૌલિક ગીતને એના સંગીતના તરખાટ માટે ગડગડાટ તાળીઓ વચ્ચે શ્રેષ્ઠ જાહેર કરવામાં આવ્યા છે... "

જળાશંકરે એમની ઓલવાયેલી ઉધરસને ઉઠાડતા હોય એ રીતે ઉધરસ ખાતાં ખાતાં કહ્યું, 'આ તો ખરેખર ગૌરવ લેવા જેવી બાબત છે એટલે સોસાયટીના સભ્યોએ પોતે સભ્યસમાજના માણસો છે એ દર્શાવવા માટે પણ તાળીઓ પાડીને આપણા મગનલાલના આનંદમાં સાથ પુરાવવો જોઇએ, એમને આ વિચાર આવ્યો એના પરથી મને ત્રિવિધ પ્રકારની આશા જાગે છે. એક તો દેશભક્તોની સંખ્યા વધી જશે, હવે, ઘણા મુંજી લોકો પણ પિક્ચરો જોશે અને સંગીત અને નૃત્ય અંગે પ્રજાની લાગણીમાં અચાનક ઉછાળો આવશે... '

પિનાકિન નામના બેંકરે તો જોરથી તાળીઓ પાડતાં પાડતાં કહ્યું,'મગનલાલ મને તો તમારા માટે માન થઈ ગયું, તમે સોસાયટીના સૌ સભ્યો માટે ગૌરવ જગાડયું છે.... મારી આંખમાં હર્ષનાં આંસું આવી રહ્યાં છે... "

આમને નેપકિન આપો, " આપણા બેંકરો હવે સેન્ટીમેન્ટલ થવા માંડયા છે... " ચાર્મી અને ત્રણ બીજી યુવાન સ્ત્રીઓએ કહ્યું, 'આ રીયલી ગૌરવની ક્ષણ છે, આપણે સેલિબ્રેશન કરવું જોઇએ...'

આ બધું ચાલતું હતું ત્યારે બિલ્ડરના ત્રણ માણસોએ એક મોટું ટીવી લાવીને લગાવી દીધું, કારણ મગનલાલે સુચવેલું કે આ 'નાટુ, નાટુ નામના ગીતમાં ભારે મ્યુઝિક છે અને નાચવાની વાત છે.. તો આપણી સોસાયટીના જવાનિયા આ ચેલેન્જ ઉપાડી લે... "

બસ, મગનલાલ બોલ્યા એની સાથે જ જાણે માતાજીનો ગરબો હોય એમ બધા ઉભા થઈને નાચવા લાગ્યા... પહેલી વાર અને બીજી વાર.. એમ ગીત તો વાગવા લાગ્યું... એમાં છગનલાલનો સાળો નંદન અને એક બીજો જવાનિયો પગની એડી અને પાવલાંની રમતે ચઢી ગયા તે ધડામ દઈને પછાડાયા ત્યારે સોસાયટીમાં ઓસ્કાર આવ્યાની ઘોષણા થઈ હોય એમ ચિક્કાર બુમાબુમ થઈ... વાસ્તવમાં નાથાલાલ અને પ્રોફેસર જળાશંકરનો પગ મચકોડાઈ ગયો હતો જ્યારે ચાર્મીને ફ્રેક્ચર થયું હોવાનું લાગતું હતું.....

ઉજવણીની સભા ત્યાં જ પડતી મુકી બધા દોંડતા ઓર્થોપેડીક ડોક્ટરની હોસ્પિટલમાં દોંડયા... ડોક્ટર પુછે છે, આમાં થયું શું ... ? કોઇ કહ્યું, 'ભારતને ઓસ્કાર મળ્યો... કોઇએ કહ્યું, ' સોસાયટીમાં ઉત્સાહનાં પાણી ફરી વળ્યાં... જેમને વાગેલું એ લોકો આ બધા અવાજો વચ્ચે બુમો પાડતા હતા કે રડતા હતા એ નક્કી ના કરી શકાયું....

માણસ અકળ લાગે ત્યારે, તેનાં મૌનને પારખજે...

પમરાટ
મિત્તલ પટેલ

કેટલીક વાર અસમંજસ પ્રત્યેક ક્ષણે અનુભવાય, મન મગજ વચ્ચે સતત સંઘર્ષ ચાલતો હોય અને નિર્ણયશક્તિ થોડી મંદ પડતી લાગે ત્યારે, પોતાનાં જીવનને પોતાની જાતને રફતારવાળી જિંદગીમાંથી થોડી સ્પેસ આપવાનો સમય થઈ ગયો છે એવું સમજજો.

રસ્તો અકળ લાગે ત્યારે ,
અટકીને જાત જોડે સંવાદ કરજે..!!
વ્યવહાર અકળ લાગે ત્યારે,
સંવાદિતાના મૂલ્યોને ચકાસજે..!!
માણસ અકળ લાગે ત્યારે,
તેનાં મૌનને પારખજે..!!

સંવાદિતા ખૂબ જરૂરી હોય છે, એ માણસને પોતાની જાત સાથેની હોય કે માણસની સૌથી નજીકનાં માણસ સાથે હોય. જ્યારે "સંવાદ"નું પાણી સિંચવામાં નથી આવતું ત્યારે, "સંબંધ" નામનો છોડ કરમાઈ જાય છે. કેટલીકવાર કલાકો વાતો કર્યા પછી પણ શાતા નથી મળતી અને કેટલીક વાર બે મિનિટનો સંવાદ જીવાડી જાય છે. કેટલીકવાર શબ્દો મારે છે અને કેટલીકવાર અશાબ્દિક સંવાદ ખૂબ જ સારી રીતે આપણને સાંભળે છે. આ જગતમાં કોઈ જ વસ્તુ અને બાબતને માત્ર તાર્કિક રીતે વિચારવું કે મુલવવું ક્યારેય યોગ્ય નથી હોતું?. મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવા આપણે વળતર અને બીજા બધા પાસા વિચારી શકીએ. સંબંધમાં ઈમોશનલ ઇન્વેસ્ટમેન્ટ કરતી વખતે કોઈ વળતર કે સ્વાર્થની પૂર્વધારણા ક્યારેય નથી બાંધી શકતાં.

"શોધયાત્રા" ક્યારે "સ્વ"યાત્રા બની જાય તેની તર્કબદ્ધ જાણ જાતનેય નથી હોતી. પણ આ અકળ વિશ્વમાં કંઈક તો ચાલક બળ છે જે જીવાડે છે." સાચું" જીવાડે છે. કેટલીકવાર આપની ફ્રિકવન્સી મેચ થાય તેવાં વ્યક્તિઓ સાથેનો સંવાદ જિજીવિષા જાળવી રાખે છે. સારાં વિચાર માત્રથી આપણી આજુબાજુનો ઓરા જો બદલાઈ જતો હોય તો, હકારાત્મકતાની ઉજવણી જે આપણી પાસે છે તેની કદર અને સારું દરેકમાં શોધી લેવાની વૃત્તિ શા માટે આપણે કેળવવી ના જોઈએ !!

બિલિવ ઈન યોર સેલ્ફ

વાર્તાનો અંત એ આખી જીવેલી વાર્તાનું સરવૈયું, અર્થ અને નીતાંત હોય છે. અને આ અર્થસભર જીવ્યાનો પુરાવો ત્યારે જ મળે, જ્યારે આત્મવિશ્વાસના દીવા થકી તમે કેડી કંડારી, દરેક વ્યવહાર દરેક સંબંધ અને દરેક નૈમિત્તિક કર્મોમાં અજવાળું રેડી શકો. "ઉજાસ હોવો" અને "અજવાળું થવું" બંને અલગ વસ્તુ છે. કેટલીક વાર અજવાળું આપની આજુબાજુ હોય જ અને આપણે જ આંખો બંધ કરી દીધી હોય એવું પણ બને. "અંતઃ ચક્ષુ" ઉઘડે ઉજાસ ભીતરથી ખુલે તો જ અજવાળું બહાર પરખાય છે. અથવા બહારનાં અજવાળાની અનુભૂતિ કરી શકાય છે. આપણી જીવનયાત્રા પ્રસિદ્ધિ, મોટાઈ, એવોર્ડ, પદ, દેખાડા, મહત્વકાંક્ષાઓની સીધી લીટીમાં માત્ર પૂરી ન થવી જોઈએ. "બાહ્યયાત્રા" એ જીવનનું અંત્યબિંદુ ક્યારેય ન હોઈ શકે. "અંતઃયાત્રા" એ તો "સ્વ" ને ઓળખવો, જીવનનો સાચો મર્મ સમજવો, જીવનની આંટીઘૂંટીઓમાંથી પોતાની જાતને વધુ સમૃદ્ધ અને અંતઃયાત્રાનો મુસાફિર બનાવતા જવું એ છે. "સ્વ" થી "સૌ" અને "સમષ્ટિ" સુધી આપનું કેન્દ્રબિંદુ વિકસે ને ત્યારે જ આપણો ખરો વિકાસ થયો એમ કહેવાય.

Mitalparibhasha.blogspot.com